सत्यमेव जयते

# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી

જિલ્લા સેવા સદન–૨,એનેક્ષી બિલ્ડીંગ, એસ.૪,૫,૬,ભાવનગર
ફોન નં.(૦૨૭૮) ૨૪૨૬૬૨૯, મો. ૯૯૦૯૯૭૦૨૧૨
Email : bhavdeo@gmail.com, Blog: **https://deobhav.blogspot.com/**

150 YEARS OF CELEBRATING THE MAHATMA


ક્રમાંક: યોજના/**PreMatScholarship**/૨૦૧૯/૭૧ તા.૦૮/૦૨/૨૦૧૯

પ્રતિ,
આચાર્યશ્રી
સરકારી, ગ્રાન્ટેડ,નોન-ગ્રાન્ટેડ
માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક-તમામ
ભાવનગર

વિષય : Digital Gujarat Portal પર Online કરેલ વર્ષ-૨૦૧૮-૧૯ની પ્રિમેટ્રીક (ધો ૧ થી ૧૦) શિષ્યવૃત્તિ, ગણવેશ સહાયની યોજનામાં અમલ કરવા બાબત.

સંદર્ભ : મદદનીશ કમિશનર આદિજાતિ વિકાસની કચેરી રાજકોટનાં પત્રાંક મક/આવિ/રાજ/પ્રિ.શિ/ડી.પોર્ટલ/૨૦૧૮-૧૯, તા.૦૭/૦૨/૨૦૧૯

ઉપરોક્ત વિષય સંદર્ભે ડિજિટલ ગુજરાત પોર્ટલ પર અનુ.જનજાતિઓના વિદ્યાર્થીઓની દરખાસ્ત કરી ઓનલાઈન તાત્કાલીક મોકલી આપવા તથા જો આપશ્રીની શાળામાં અનુ.જન જાતિઓના વિદ્યાર્થીઓ ના હોય તો તે બાબતનું પ્રમાણપત્ર મોકલી આપવા જણાવવામાં આવે છે. અન્યથા આમ ન કરવાથી ભવિષ્યમાં જે કઈ પ્રશ્ન ઉપસ્થિત થશે અને **જો કોઈ વિદ્યાર્થી શિષ્યવૃત્તિથી વંચિત રહી જશે તો તે અંગેની સંપૂર્ણ જવાબદારી જે-તે શાળાના આચાર્યની અંગત રહેશે તેની નોંધ લેશો. બિડાણમાં આપેલ પત્રને ધ્યાનપૂર્વક વાંચી આ સંપૂર્ણ કાર્યવાહી સમય મર્યાદામાં(દિન-૭)માં કરવા જણાવવામાં આવે છે.**

બિડાણ- સંદર્ભદર્શિત પત્ર

જિલ્લા શિક્ષણાધિકારી
ભાવનગર

**નકલ રવાના અમલવારી સારૂ:**
શિ.ની.શ્રી/મ.શિ.ની.શ્રી

Scanned by CamScanner

# મદદનીશ કમિશ્નર આદિજાતિ વિકાસની કચેરી

જિલ્લા સેવા સદન- ૩, બ્લોક નં.૧, ૧લો માળ, સરકારી પ્રેસની બાજુમાં, રાજકોટ

**Email:- vo-tdd-raj@gujarat.gov.in** ફોન નં. ૦૨૮૧-૨૪૭૮૩૭૫


નં.મક/આવિ/રાજ/પ્રિ.શિ/ડી.પોર્ટલ/૨૦૧૮-૧૯/ તા. ૦૭/૦૨/૨૦૧૯

**ઈ-મેઈલ દ્વારા / BY RPAD.**

**તાત્કાલીક / સમયમર્યાદા**

**અનુ.જનજાતિ (ST)**

**પ્રતિ,**

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,

(સૌરાષ્ટ્રમાં આવતા / તમામ (૧૧) જિલ્લાઓ)

## પરિપત્રઃ-

**વિષયઃ- Digital Gujarat Portal પર Online કરેલ વર્ષ-૨૦૧૮-૧૯ની પ્રિમેટ્રીક (ધો૧થી૧૦) શિષ્યવૃત્તિ,ગણવેશ સહાય ની યોજનામાં અમલ કરવા બાબત.**

શ્રીમાન,

આથી આપશ્રીના જિલ્લામાં આવેલ સરકારમાન્ય પ્રાથમિક શાળાઓ/ આશ્રમશાળાઓ/ ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ/ માધ્યમિક શાળાઓના આચાર્યશ્રીઓને જણાવવાનું કે રાજ્યસરકારશ્રી તથા ભારત સરકારશ્રીની યોજનાઓ અંતર્ગત મૂળ ગુજરાત રાજ્યનાં વિદ્યાર્થીઓ શિષ્યવૃત્તિ / ગણવેશ સહાયનો લાભ સીધા તેઓના બેંક ખાતામાં એક જ જ્ગ્યાએથી ચૂકવી શકાય તે હેતુથી વર્ષ:૨૦૧૭-૧૮ થી રાજ્યસરકારશ્રી દ્વારા Digital Gujarat Portal(Common Service Portal) ડેવલોપ કરવામાં આવેલ છે.

આ પોર્ટલની વેબસાઇટ http://www.digitalgujarat.gov.inમારફત online દરખાસ્તો આચાર્યશ્રી દ્વારા કરવાની રહેશે. ઓફલાઇન પત્રકોને આધારે મંજૂર કરવામાં આવશે નહી તેની નોંધ તમામ શાળાઓએ અચૂક લેવી.

❖ **શાળાઓએ ઓનલાઇન દરખાસ્ત કરવા માટે ધ્યાનમાં રાખવાનાં મુદ્દા:-**

ઓનલાઇન દરખાસ્ત http://www.digitalgujarat.gov.inમારફતે કરવાની રહેશે.નવા વર્ષનું તમમ કામ Financial year (નણાંકીય વર્ષ) ૨૦૧૮-૧૯માં કરવાનું રહેશે.

❖ સદરહું પોર્ટલ વર્ષ:૨૦૧૭-૧૮ થી શરૂ થયેલ હોઇ ગત વર્ષે દરેક શાળાઓ/ આશ્રમશાળાઓને આપવામાં આવેલ Login ID/ Pass Word નાં આધારે જ કામગીરી કરવાની રહેશે. શાળાનાં આચાર્યશ્રી પોતાનો પાસવર્ડ ભૂલી ગયેલ હોય તો " Forgot Password" નો ઉપયોગ કરી નવો પાસવર્ડ મેળવી લેવાનો રહેશે.

Scanned by CamScanner

❖ શૈક્ષણિક વર્ષ:૨૦૧૮-૧૯માં નવી જ શરૂ થયેલ શાળા/આશ્રમશાળાઓએ તેમનો નવો મળેલ શાળાનો DISE CODE એ તેઓના યુઝર આઇડી રહેશે.અને By default તેમનો પાસવર્ડ Abcd@1234 રહેશે.પ્રથમ વખત લોગીન થયા બાદ આચાર્યશ્રીએ તે પાસવર્ડ બદલવાનો રહેશે.

❖ જો કોઇ વિદ્યાર્થી શાળા છોડી અન્ય શાળાઓ ગયેલ હોય તો તેવા વિદ્યાર્થીની એન્ટ્રી ફરજિયાત Delete (ડીલીટ) કરવાની રહેશે.

❖ ગત વર્ષે એન્ટ્રી કરેલ તમામ વિદ્યાર્થીઓની માહિતી વર્ષ:૨૦૧૮-૧૯માં તેઓનું ધોરણ ૧ વર્ષ Promote કરીને મૂકવામાં આવેલ છે જેથી શાળાઓએ ગત વર્ષનાં વિદ્યાર્થીઓની એન્ટ્રી ફરી કરવાની રહેતી નથી. પરંતુ જે વિદ્યાર્થીઓની ગતવર્ષે એન્ટ્રીમાં ભૂલો/ક્ષતિ થયેલી/રહેલી છે. તે edit કરીને તેને સુધારી લેવાની રહેશે. જે વિદ્યાર્થીને ડ્રાફ્ટ આવેલ છે તેનો બેંક એકાઉન્ટ ફરીથી નાખવાનો રહેશે.

❖ દરેક વિદ્યાર્થીનો બેંક એકાઉન્ટ નંબર સાચો નાખવામાં આવે કેટલીક શાળાઓમાં આચાર્યશ્રી ધ્વારા બહારથી આઉટ સોર્સીંગથી ડેટા એન્ટ્રી કરાવેલ છે. તેવો ધ્વારા બેંક એકાઉન્ટ નંબર 'જીરો'(0) નાખવામાં આવેલ છે. અથવા અન્ય કોઇ આકડા નાખવામાં આવેલ છે. તેવી જ રીતે IFSC કોડ પણ ખોટા નાખવામાં આવેલ છે. જેના કારણે ખોટા ખાતામાં રૂપિયા જમા થઇ શકે છે. માટે શાળાના આચાર્યશ્રીએ ડેટા એન્ટ્રી શાળામાં જ કરાવવી. ડેટા એન્ટ્રી કર્યાબાદ આચાર્યશ્રીએ બેંક ને લગતી તમામ માહિતી ફરીથી ચકાસવી. અને ત્યારબાદ જ તેને આગળ મોકલવી.

❖ શાળાના આચાર્યશ્રીએ વિદ્યાર્થીઓના બેંક એકાઉન્ટ સમુહમાં ખોલાવવા કેટલાક આચાર્યશ્રી ધ્વારા બેંક એકાઉન્ટ ન ધરાવતા વિદ્યાર્થીઓના બેંક એકાઉન્ટ નંબરમાં શાળાના બેંક એકાઉન્ટ નંબર નાખવામાં આવે છે. શિષ્યવૃત્તિ/ગણવેશ સહાયની રકમ વિદ્યાર્થી અથવા વાલીના ખાતામાં જ જમા થવી જોઇએ તે મુજબની જ કાર્યવાહી કરવાની રહેશે.

❖ આચાર્યશ્રી ધ્વારા વિદ્યાર્થીના માતા/પિતા/વાલી પાસેથી વિદ્યાર્થીનાં બેંક એકાઉન્ટ અને આધાર નંબર શિષ્યવૃત્તિ માટે ઉપયોગ કરી શકે છે તે માટે શિષ્યવૃત્તિ યોજનાનો લાભ લેવા માટે ઉપયોગ કરી શકે તે માટે તેઓ સંમત છે તે પ્રકારનું સંમતીપત્રક લેવાનું રહેશે. તે મુજબનો રેકોર્ડ શાળા ખાતે રાખવાનો રહેશે.

❖ ડેટા એન્ટ્રી કરવામાં વિદ્યાર્થી છોકરી છે કે છોકરો તે ખાસ ચેક કરવુ તેમાં રકમનો ફેરફાર હોઇ તેમાં ભૂલ ન થાય તે ધ્યાન રાખવું.

❖ વિદ્યાર્થીનું બેંક એકાઉન્ટ મુજબ નામમાં જે મુજબનું નામ પાસબુકમાં હોય તે મુજબની જ એન્ટ્રી કરવી. જેમ કે શાળાના રેકર્ડ ઉપર "Heena" છે. અને બેંક પાસબુકમાં "Hina" છે. તો "Hina" એન્ટ્રી કરવી. તવી જ રીતે "BHAI" અને "Kumar","SINH" અને "SINGH"માં ભૂલોની શકયતા છે ખાસ ચેક કરવું

❖ કેટલીક બેંકમાં એકાઉન્ટ નંબર (0)થી શરૂ થાય છે. આવા નંબર આગળ જીરો(0) લખવું ફરજિયાત છે.

❖ સોરાષ્ટ્ર ગ્રામીણ બેંક માં બેંક એકાઉન્ટ નંબર વચ્ચે ડેશ(-) આવે છે. જે ડેશ કાઢીને સળગનંબર લખવાનો રહેશે.

❖ આઇ.એફ.એસ.સી કોડ ૧૧ આલ્ફાન્યુમેરીક અંકનો હોય છે. તેમાં પાંચમુ કેરેક્ટર જીરો(0) આવે છે.

Scanned by CamScanner

❖ ધોરણ ૯ થી ૧૦માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે આધારનંબર ફરજિયાત છે.ધોરણ ૯ થી ૧૦માં આધારનંબરનું વેરીફાયડ કરાવવું ફરજિયાત છે.

❖ ધોરણ ૯થી૧૦માં ૨.૦૦ લાખથી ઓછી આવક ધરાવતાં વિદ્યાર્થીઓ માટે જાતિનો દાખલો તથા આવકનો દાખલો અપલોડ કરવાનો રહેશે. ૨.૦૦ લાખથી વધુ આવકમાં ડોક્યુમેન્ટસ અપલોડ કરવાનો રહેશે નહી.

❖ ધોરણ ૯થી૧૦માં વિદ્યાર્થીના ગત વાર્ષિક પરીક્ષામાં મેળવેલ ગુણની ટકાવારી લખવી ફરજિયાત છે.

❖ વિદ્યાર્થીના ખાતા સ્ટેટબેંક ઓફ પટિયાલા, સ્ટેટ બેંક ઓફ મૈસુર, સ્ટેટ બેંક ઓફ હૈદરાબાદ, સ્ટેટ બેંક ઓફ બીકાનેર અને જયપુરમાં હોય આવી બેંકો એસબીઆઇ (SBI)માં મર્જ થયેલ હોવાથી તેમનાં ખાતા નંબર IFSC કોડ નવા ચકાસીને નાખવાં.

❖ શાળાના આચાર્યશ્રીએ વાલીઓને સૂચના આપવી કે શિષ્યવૃત્તિની રકમ જમા ના થાય ત્યાં સુધી બેંક એકાઉન્ટ બંધ કરાવવું નહી શાળાના આચાર્યશ્રીએ પોર્ટલમાં ડેટા એન્ટ્રી કરેલ બેંક એકાઉન્ટ ડોરમેટ કે ઇનએક્ટીવ નથી જેની ખાતરી કરાવીને જ પ્રપોઝલ બનાવવી.

❖ શાળાના આચાર્યશ્રીએ સ્ટુડન્ટ રજિસ્ટર અને સ્કીમ રજિસ્ટર ચકાસ્યા બાદ જ પ્રપોઝલ ફોરવર્ડ કરવાની રહેશે.

❖ સૌરાષ્ટ્ર ગ્રામીણ બેંક :- SBIN0RRSRGB
દેના ગુજરાત ગ્રામીણ બેંક :- BKDN0700000
બરોડા ગુજરાત ગ્રામીણ બેંક :- BARB0BGGBTT

આ ત્રણેય ગ્રામીણ બેંકમાં IFSC Code તેમની તમામ શાખાઓ (બ્રાન્ચ) માટે એક જ આવે જે ધ્યાનમાં લેવું.

સદરહૂ વિગતો ધ્યાને લઈ આપશ્રીના જિલ્લામાં આવેલ સરકારમાન્ય પ્રાથમિક શાળાઓ/ આશ્રમશાળાઓ/ ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ/ માધ્યમિક શાળાઓના આચાર્યશ્રીઓને પત્ર મળ્યેથી દિન-૭માં ડિજિટલ ગુજરાત પોર્ટલ પર અનુ.જનજાતિઓના વિદ્યાર્થીઓની દરખાસ્ત કરી ઓનલાઇન તાત્કાલીક મોકલી આપવા તથા જો તેઓશ્રીની સ્કુલોમાં અનુ.જનજાતિઓના વિદ્યાર્થીઓ ના હોય તો તે બાબતનું પ્રમાણપત્ર મોકલી આપવા નમ્ર વિનંતી. તથા જો આ બાબતની ગંભીરતાને ધ્યાને લઈ આ બાબતની દરખાસ્તો મોકલી આપવામાં નહી આવે તો તેની સઘળી જવાબદારી આપશ્રીના તાબા હેઠળના આચાર્યશ્રીની તથા આપશ્રીની રહેશે.

મદદનીશ કમિશ્નર
આદિજાતિ વિકાસ રાજકોટ

<u>નકલ સવિનય રવાના:-</u>

(૧) માન.કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, ગુજરાત રાજ્ય ગાંધીનગર તરફ જાણ સારૂ

Scanned by CamScanner